# શહેરમાં આજે જૈનો સંવત્સરીનું પર્વ શ્રદ્ધાપૂર્વક ઉજવશે

## સે.૨૨માં સામુહિક પ્રતિક્રમણ અને ક્ષમાપના સાથે પર્યુષણ મહાપર્વનું સમાપન થશે : આવતીકાલે તપસ્વીઓના સામુહિક પારણાં અને શોભાયાત્રા યોજાશે

ગાંધીનગર તા. ૩૦

આવતીકાલ તા.૩૧મી ઓગસ્ટ બુધવારે સે.૨૨ના જૈન દેરાસર ખાતે સંવત્સરીનું પર્વ ઉજવાશે જેમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન તપાગચ્છાધિપતિ આચાર્ય પૂ. વિજય રામસૂરીશ્વરજી મ.સા. ડહેલાવાળાના શિષ્યરત્ન આચાર્ય પૂ. જગચ્ચન્દ્ર સૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂ.કલ્પયશસૂરિજી મ.સા. સહિત તપસ્વી સંઘના સાનિધ્યમાં બારસા સૂત્ર વાંચન, ફોટા દર્શન, દહેરાસરજીમાં પ્રભુદર્શન ચૈત્યવંદન જેવા ધાર્મિક કાર્યક્રમો સાથે સામુહિક પ્રતિક્રમણ અને ક્ષમાપના યોજાશે. આ સાથે મૂર્તિપૂજક શ્વેતાંબર જૈનોના મહાપર્વ પર્યુષણનું સમાપન થશે અને સૌ કોઈ એકબીજાને મિચ્છામિ્ દુક્કડમ્ પાઠવશે. સે.૨૨માં શ્રી ગાંધીનગર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન જૈન દેરાસર ખાતે આચાર્ય પૂ. જગચ્ચન્દ્ર સૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂ.કલ્પયશસૂરિજી મ.સા.ના સાનિધ્યમાં પર્યુષણ કર્તવ્ય તથા વધામણાં, અષ્ટાન્હિકા પ્રવચન, કલ્પસૂત્ર વાંચન, મહાવીર સ્વામી જન્મ વાંચન, ચૌદ સ્વરૂપના દર્શન, અષ્ટમંગલ તથા કલ્પવૃક્ષના દર્શન, સંઘ જમણ, ગણધરવાદ પ્રવચન, સ્થવિરાવલી વાંચન વગેરેનું આયોજન કરાયું હતું. આ સાથે પર્યુષણ દરમ્યાન દિવ્યાંગ સહાય વિતરણ જેવા સામાજિક સેવાકીય કાર્યક્રમો પણ યોજવામાં આવ્યાં હતા. સંવત્સરી નિમિત્તે સવારે પહેલાં બારસાસુત્ર વાંચન શરૂ થશે ત્યારબાદ પ્રભુદર્શન ચૈત્યવંદન યોજાશે અને બપોરે સંવત્સરી પ્રતિક્રમણનો પ્રારંભ થશે જેના સમાપને સામુહિક ક્ષમાપના યોજાશે.

# શહેરની મહિલાઓએ કેવડા ત્રીજની વ્રત-પૂજા કરી



ગાંધીનગર, તા.૩૦

ભાદરવા સુદ ત્રીજ કેવડા ત્રીજના દિવસને કેવડા ત્રીજ તરીકે ઉજવવામાં આવે છે જેમાં મહિલાઓ વ્રત રાખીને ભગવાન ભોળાનાથના આશિર્વાદ મેળવવા શિવાલયોમાં પૂજા-અર્ચના કરે છે. પરિણીત મહિલાઓ અખંડ સૌભાગ્યવતી રહેવા સાથે પોતાના ઘરમાં સુખ-શાંતિ અને સમુદ્ધિ વધે તે માટે આ વ્રત કરે છે જ્યારે કુંવારિકાઓ મનગમતો પતિ પ્રાપ્ત કરવા માટે આ વ્રત કરતી હોય છે. ગાંધીનગરમાં સેક્ટર-૫માં શિવશક્તિ મંદિર અને સેક્ટર-૪માં ઓમકારેશ્વર મહાદેવ ખાતે તેમજ સેક્ટર-૨૪માં શ્રીનગર શોપિંગ વિસ્તારમાં અંબાજી મંદિર ખાતે શહેરની સૌભાગ્યવતી મહિલાઓ તેમજ કુમારિકાઓ દ્વારા કેવડાત્રીજની પૂજા કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પાટનગરમાં વસતા પરપ્રાંતિય પરિવારોની મહિલાઓએ પણ મોટી સંખ્યામાં કેવડા ત્રીજની પૂજા કરી હતી.

# રાજપૂત સમાજ ભવન ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ




ગાંધીનગર, તા.૩૦

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર તેમજ જિલ્લા રાજપૂત સમાજ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ઈનામ વિતરણ તેમજ વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ રાજપૂત સમાજભવન સે-૧૨ ખાતે યોજાયો હતો. સમારંભની શરૂઆત દીપપ્રાગટયથી કરવામાં આવી હતી. ધો. ૧થી કોલેજ સુધીના ઈનામો બાળકોને આપવામાં આવ્યા હતા તેમજ વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનારાને મોમેન્ટો આપીને બિરદાવાયા હતા. સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે અનુપબા ચૌહાણ પ્રિન્સીપાલ સરકારી કોલેજ સે-૧૫, નટવરસિંહ ડોડીયા-ડેપ્યુટી કલેકટર ગુજરાત સરકાર, ડો.ઝલકબા ચૌહાણ-આસી. પ્રોફેસર ગણપત યુનિ.એ હાજરી આપી હતી. કાર્યક્રમમાં શંકરસિંહ રાણા પ્રમુખ તેમજ વિક્રમસિંહ ગોલ, રાજપૂત સમાજ ગાંધીનગર પ્રમુખે પ્રવચન આપ્યું હતું. પ્રદીપસિંહ બિહોલા મહામંત્રી રાજપૂત સમાજ ગાંધીનગર તેમજ ભરતસિંહ બિહોલા મહામંત્રી જિલ્લા રાજપુત સમાજનાઓ દ્વારા શુભેચ્છાઓ આપી હતી. સમાજના અગ્રણીઓ, હોદેદારો અને સૌ કારોબારી સભ્યોએ હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન દીલીપસિંહ બિહોલા-એડવોકેટે કર્યું હતું.

# એપોલો સ્કૂલ ખાતે ગણેશોત્સવની ઉજવણી



એપોલો ઈન્ટર નેશનલ સ્કૂલ, ગાંધીનગર ખાતે વિધ્નહર્તા દેવ, દેશની પ્રગતિમાં આવનાર દરેક વિધ્ન દૂર કરશો એવી ભાવના સાથે ગણેશોત્સવની ઉજવણી સંસ્થાના ટ્રસ્ટી શંકરસિંહ રાણાની ઉપસ્થિતિમાં કરાઈ હતી.

# ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા ઉનાવા ખાતે મેડિકલ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

ઉનાવા ખાતે ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૮૦૦થી વધારે જરૂરિયાત હોય તેવા ઉનાવા અને આસપાસના ગામોના દર્દીઓએ લાભ લીધો હતો. ૭૨ જેટલા દર્દીના પીએફટી, ૩૫ જેટલા દર્દીના ઈસીજી, ૬૯ જેટલા દર્દીઓના વિવિધ બ્લડ રીપોર્ટ્સ નિઃશુલ્ક કરવામાં આવ્યા હતા. ગુજરાત કેન્સર સોસાયટી, અમદાવાદ દ્વારા ૭૦ જેટલા દર્દીઓની કેન્સર તપાસ કરવામાં આવી હતી. ૩૨૧ જેટલા ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ કેમ્પમાં તમામ દર્દીઓને નિઃશુલ્ક દવાઓ પુરી પાડવામાં આવી હતી. અમદાવાદ અને ગાંધીનગરના ૧૬ જેટલા નામાંકીત ડૉક્ટરોએ આ કેમ્પમાં તબીબી સેવાઓ પૂરી પાડી હતી. આ કેમ્પના પ્રોજેક્ટ ચેરમેન કિરણભાઈ પટેલ, ઉનાવા ગામના વિદ્યાર્થી આશ્રમની ટીમ અને સર્વે રોટરી મેમ્બર્સના સહયોગથી મેડીકલ કેમ્પ ખુબજ સફળ રહ્યો હતો. સમગ્ર મેડિકલ કેમ્પ માટેની આર્થિક સહાય ઈકો ગ્રીન પ્રોડક્ટ્સ પ્રા.લી.ના ડિરેક્ટર એચ.એમ. પટેલ દ્વારા આપવામાં આવી હતી. આ કેમ્પમાં કડી સર્વ વિદ્યાલયના એન. એસ. એસ. ના વિદ્યાર્થીઓએ વ્યવસ્થા અને સંચાલન માટેની સેવાઓ પુરી પાડી હતી. આ કેમ્પમાં 'મ્હાનત હરિ' યોગ સંસ્થા દ્વારા યોગ થકી સ્વાસ્થ્ય કેવી રીતે જાળવી રાખવું તેની સમજ આપી. આ કેમ્પમાં 'નેચર ફર્સ્ટ' સંસ્થા દ્વારા પ્લાસ્ટિક મુક્ત અભિયાન થકી પ્લાસ્ટિક, કુદરતને કેટલું નુકસાન પહોંચાડી શકે છે તે અંગે ખૂબજ સુંદર સમજ આપી હતી. ગાંધીનગર રોટરી ક્લબના પ્રમુખ ડૉ. જગદીશ પટેલ અને સેક્રેટરી ડૉ. પારસ ઉચાટ દ્વારા સમગ્ર ટીમનો અંતઃકરણથી આભાર વ્યક્ત કર્યો હતો.



# શનિવારે માલધારી એકતા પદયાત્રા યોજવાની મંજુરી આપવા માંગ

## શાંતિપૂર્ણ રીતે "ગાંધી આશ્રમથી ગાંધીનગર સચિવાલય" સુધીની માલધારી એકતા પદયાત્રા" યોજી મુખ્યમંત્રીને આવેદન પત્ર અપાશે

ગાંધીનગર, તા.૩૦

રાજ્યભરમાં રખડતા ઢોરનો મામલો ખુબ ગરમાયો છે અને રખડતાં ઢોરને કારણે અનેક નાગરિકોને ઈજા થવાના કિસ્સાં રાજ્યભરમાં બની રહ્યાં હોવાથી સામાન્ય નાગરિકોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. તાજેતરમાં કડી ખાતે રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને "હર ઘર તિરંગા" અભિયાન દરમ્યાન રખડતી ગાયે હડફેટે લેતાં તંત્રએ રખડતા ઢોરો પ્રત્યે લાલ આંખ કરવાની શરૂ કરી છે અને ગાયોને રસ્તે રખડતી રાખનાર માલધારીઓ પ્રત્યે સરકારે કડક હાથે કાર્યવાહી શરૂ કરતાં માલધારી સમાજ વિરોધનો સૂર વ્યક્ત કરી રહ્યો છે. માલધારી સમાજ પર આફત આવી હોવાના દાવા સાથે સરકારની કાર્યવાહી અંગે વિરોધ કરવાના હેતુથી પાટનગરના માલધારી યુવા અગ્રણી રઘુભાઈ અરજણભાઈ રબારી દ્વારા આગામી તા. ૩જી સપ્ટેમ્બરે સવારે ૮ કલાકે ગાંધી ચિંધ્યાં માર્ગે "ગાંધી આશ્રમથી ગાંધીનગર સચિવાલય" સુધીની માલધારી એકતા પદયાત્રા"ના આયોજન સાથે મુખ્યમંત્રીને આવેદન પત્ર આપવા માટે પરવાનગી માંગી છે.

આવેદકે તેમની માંગણીમાં આ પદયાત્રામાં માલધારી સમાજના ૧૦૦થી ૧૫૦ વ્યક્તિઓ જોડાશે જેમાં રાધનપુરના ધારાસભ્ય રઘુભાઈ દેસાઈ, વિરમગામના ધારાસભ્ય લાખાભાઈ ભરવાડ અને માલધારી એકતા સમિતિના પ્રમુખ નાગજીભાઈ દેસાઈ સહિત માલધારી સમાજના અગ્રણીઓ જોડાઈ શકે છે તેવી શક્યતા પણ વ્યક્ત કરી છે. તેમના આયોજન મુજબ આ પદયાત્રા સવારે ૮ વાગે ગાંધી આશ્રમથી નીકળી વાયા સુભાષ બ્રિજ, સાબરમતી, મોટેરા, કોબા ઈન્ફોસિટી, ચ-૦ થઈ બપોરે સચિવાલય પંહોચશે જે શાંતિપૂર્ણ હશે અને જેમાં સરકારી સંપત્તિને કોઈ પ્રકારનું નુકસાન કરવામાં નહી આવે તેવું આશ્વાસન પણ આપવામાં આવ્યું છે. જોકે તાજેતરમાં ગાંધીનગરમાં જે રીતે એક માથાભારે મહિલા પશુપાલક દ્વારા દાંતરડુ લઈને આવીને પોલીસની હાજરીમાં ઢોરપકડ પાર્ટી પર હુમલો કરીને ગાયને છોડાવી જવાનો કિસ્સો સર્જાયો છે તે જોતાં પોલીસ તંત્ર આ માલધારી એકતા પદયાત્રા માટે મંજુરી આપશે કે કેમ તે શંકાનો વિષય છે.

### ગાંધીનગર માલધારી યુવક મંડળ દ્વારા અંબાજી પગપાળા યાત્રીઓ માટે સેવાકેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર માલધારી યુવક મંડળ દ્વારા અંબાજી પગપાળા યાત્રીઓ માટે સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૩૧ને બુધવારના રોજ ગણેશ ચતુર્થીએ સાંજે ૭ કલાકે સેવા કેમ્પ શરૂ કરવામાં આવશે. ક-૭ ચોકડી, રિદ્ધિ મારૂતિ પાસે, ગેસ સ્ટેશન આગળ, સે. ૨૬ ખાતે સૌને પધારવા આમંત્રણ પાઠવ્યું હતું.

### એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં માટીમાંથી ગણપતિ બનાવવાની પ્રવૃત્તિનું આયોજન

ગાંધીનગર, તા. ૩૦

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, સે. ૨૩ ગાંધીનગર ધો. ૧ અને ૨ ની વિદ્યાર્થીની બહેનોએ માટીમાંથી ગણપતિ બનાવવાની પ્રવૃત્તિ કરી હતી.શાળાના સુપરવાઈઝર બેન સંગીતાબેન પટેલે માર્ગદર્શન આપ્યુ હતું અને શાળાના આચાર્યા બહેન નીરૂબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.




# "હેપ્પી શિક્ષા પ્રોજેક્ટ" અંતર્ગત ૧૦૦ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરાયું




ગાંધીનગર, તા.૩૦

હેપ્પી યુથ ક્લબ દ્વારા "હેપ્પી શિક્ષા પ્રોજેક્ટ" હેઠળ જરૂરિયાતમંદ વર્ગના બાળકોને ચોપડા-કંપાસ-કલર વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત તા.૨૯મી ઓગસ્ટના રોજ સંસ્થા દ્વારા પસંદ કરવામાં આવેલી બે સ્કૂલો જેમાં સેક્ટર-૧૩માં નંદનવન આશ્રમશાળાના વિદ્યાર્થીઓ અને કોલવડાની સરકારી કન્યાશાળા-૨ની વિદ્યાર્થીનીઓ એમ કુલ મળીને ૧૦૦ જેટલાં બાળકોને આ શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે પ્રોજેકટના દાતાઓ પૈકી જાણીતા કલાકાર અને અગ્રણી હિમાંશુભાઈ ભચેચ, નીતાબેન ભચેચ, શિવાની સુતરિયા, ઋષિકા ચક્રવર્તિ સહિત સંસ્થાના કોષાધ્યક્ષ ભાવના રામી અને સભ્ય અનિકેત સુમેસરા વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રોજેક્ટ માટે સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા તેમજ સંસ્થાના સભ્યો રાજન ત્રિવેદી અને નિશાંત શુક્લ તરફથી પણ સહયોગ પ્રાપ્ત થયો હતો. વિતરણ કાર્યક્રમમાં હિમાંશુભાઈ ભચેચે તેમની આગવી રમુજી શૈલીમાં બાળકોનું મનોરંજન કરવા સાથે જીવનોપયોગી માર્ગદર્શન પણ આપ્યું હતું. સંસ્થા દ્વારા આ સેવા કાર્યમાં સહયોગ બદલ દાતાઓ તેમજ નંદનવન આશ્રમશાળાના આચાર્ય યોગેશભાઈ દરજી અને કોલવડા સરકારી કન્યાશાળાના શિક્ષિકા પારૂલબેનનો આભાર માનવામાં આવ્યો હતો.